# કાયદો-૨૦૧૩

## કામ કરતી મહિલાઓની જાતિય સતામણી

ભારત સરકારે નોકરી કરતી મહિલાઓ માટે કાર્યસ્થળ ઉપર થતી જાતિય સતામણી અટકાવવા માટે સર્વોચ્ચ અદાલતની ભલામણ મુજબ 2013 માં કાયદો ઘડયો છે તેથી સંગઠિત ક્ષેત્રે કાર્ય કરતી મહિલાઓ માટે વ્યવસ્થા ગોઠવવાનું ફરજિયાત બન્યું છે. ઉપરાંત કોલેજો કે શાળાઓમાં પણ નોકરી કરતી મહિલાઓ કે ભણતી વિદ્યાર્થિનીઓ માટે મહિલા વિકાસ સમિતિઓ બનાવવામાં આવી છે. આ માટે મહિલાઓ માટે ફરિયાદ સમિતિની સ્થાપના કરવાનું ફરજિયાત બન્યું છે. આ સમિતિમાં કાર્યસ્થળના સીનિયર મહિલાને પ્રમુખ અને બે મહિલા સભ્યો રાખવાની જોગવાઈ છે. ઉપરાંત બે પુરુષ સભ્યો પણ રાખવામાં આવે છે. અને એક બિન સરકારી સંસ્થાના અનુભવી અને આવા કામના જાણકાર મહિલાને પણ રાખવાની જોગવાઈ છે.

પીડિતા નોકરી કરતી હોય, આંશિક પગારદાર હોય, શિખાઉ હોય કે સ્વયંસેવી હોય, કે ઠેકેદારના કામે આવતી હોય તો પણ તેને કામ ઉપર જાતિય સતામણીના કાયદાનો લાભ મળે છે. જાતિય સતામણી કરનાર કર્મચારી હોય કે અધિકારી હોય કે સંસ્થાના કામે આવેલો ઘરાક હોય, કે ઠેકેદારનો માણસ હોય, તો પણ તેની સામે ફરિયાદ થઈ શકે છે.

પીડિતા મહિલા ત્રણ માસના સમયમાં કે વારંવાર સતામણીનો ભોગ બનેલી હોય તો છેલ્લી સતામણીના ત્રણ માસમાં ફરિયાદ કરી શકે છે જાતે લેખિતમાં ફરિયાદ આપે તેવી સ્થિતિમાં ના હોય, કે બીમાર હોય  કે હોસ્પિટલમાં હોય કે મૃત્યુ પામી હોય તો તેના વાલી વારસદારો કે હિતેચ્છુ પણ ફરિયાદ કરી શકે છે. આવી પીડિતાને લેખિત ફરિયાદ કરવા માટે ફરિયાદ સમિતિના સભ્યોએ સહાય કરવી જોઈએ.

ફરિયાદ મળ્યા પછી તરત જ ફરિયાદ સમિતિ કાર્યવાહી હાથ ધરે અને ત્રણ માસમાં તેનો નિકાલ આપવો પડે. ફરિયાદ કરનારી પીડિત મહિલાનું નામ અને ઓળખાણ, તપાસ અને તે અંગે લેવાયેલાં પગલાં વગેરે, માહિતી ખાનગી અને ગુપ્ત રાખવાની રહે છે. જો સંચાર માધ્યમો ને જાણ થાય તો તે અંગે જવાબદાર કર્મચારી કે અધિકારી શિક્ષાને પાત્ર બને છે.

આ બાબતે કર્મચારીઓ અને અધિકારીઓ માટે સમજણ કેળવાય, વાતાવરણ સારું રહે અને મહિલાઓ સામે જાતિય સતામણીના કિસ્સાઓ ઓછાં થાય તે માટે તાલીમ અને કાર્યશાળાઓનું નિયમિત આયોજન કરવું જોઈએ.

મહિલા કર્મચારી તરફથી જાતિય સતામણીની ફરિયાદ મળે તેવે વખતે બંનેને ફરિયાદી અને આરોપીને બને તો જગ્યા બદલાવી અને તબદીલી આપવી

જોઈએ. જો તે શક્ય ન હોય તો તેવી પીડિતા મહિલાને ત્રણ માસ સુધી રજા ઉપર ઉતારી દેવી જોઈએ. અને તેને તે સમયનો પગાર આપવો જોઈએ. જો ફરિયાદ ખોટી પુરવાર થાય કે પુરાવાઓ ખોટા હોય, તો તેવા કિસ્સામાં ફરિયાદી પીડિતા સામે પણ ખાતાકીય નિયમો મુજબ શિક્ષાત્મક પગલા લેવાય.

આવા નિયમો અને દંડાત્મક જોગવાઈઓ હોવા છતાં આજે પણ કોઈપણ કચેરી કે થીયેટરમાં કે જાહેર સ્થળે ગયેલી મહિલા વોશરૂમ કે ટોઈલેટમાં એકલી જતી નથી. અને આપણો સહુનો અણગમતો અનુભવ છે કે તે પોતાની સાથે બીજી મહિલા સાથીદારને લઈને જ જાય છે. શું તેને બીક લાગતી હશે કે સાથી મહિલા ન હોય તો કોઈ પુરુષ કર્મચારી, પટાવાળો કે અધિકારી તેના ટોઈલેટનું બારણું બંધ કરી દઈને તેને ઘડીભર હેરાન પરેશાન કરવાનો વિકૃત આનંદ લેવા માગતો હશે ? કે પછી તક મળે તો તેને અડપલું કરવાનો કે જાતિય સતામણી કરવાનો બદ ઈરાદો સેવતો હશે?

એક વખત રેલવે ટ્રેનમાં મુસાફરી કરતાં એક આવો જ અનુભવ થયો. એક ત્રીસેક વર્ષની યુવતી મોડી રાત્રે પોતાને ટોઈલેટમાં જવા માટે પોતાની સિત્યોતેર વર્ષની માતાને ઉંઘમાંથી ઉઠાડીને સાથે લઈ જવા માગતી હતી.

આ શું દર્શાવે છે કે ભારતનો પુરુષવર્ગ "મહિલાને માતા તરીકે પૂજે છે.!" દુર્ગા કે શક્તિ તે કહે છે; પણ તે એકલતાનો લાભ ઊઠાવવાનું પણ ચૂકતો નથી કેવી કમનસીબી છે.

હોસ્પિટલમાં તો નર્સ કે મહિલા ડોક્ટરને સહુથી મોટું જોખમ છે. તેને તો પુરુષ ડોક્ટર, નર્સ  અન્ય સાથીદાર, દર્દી, તેના સગાવહાલાં, હોસ્પિટલના અન્ય કર્મચારીઓ, કે વોર્ડબોય વગેરે પુરુષોથી પણ સાચવવું પડે છે. ભણતી નર્સની ઉંમર નાજુક હોય છે, અઢારથી પચ્ચીસની વચ્ચે, અપરિણીત અવસ્થા હોય કે તાજી પરણેલી હોય, શરીરશાસ્ત્ર ભણવાનું આવે, યુવાનીના દિવસો હોય, જ્યારે મેઘાણીના શબ્દોમાં – <u>ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણજાણી એ ભોમમાં યૌવન માંડે આંખ.</u> – વાળી ઉંમર અને અંતઃસ્ત્રાવોનો ઉભરો થતો હોય તે વખતે તેમની સ્થિતિ સહુથી વધારે જોખમ કારક બને છે. આવું જ એરોપ્લેનમાં એર હોસ્ટેસ સાથે બનતું હોય છે, પણ તેમને પુરુષ ગ્રાહકો સાથે કેમ વર્તવું તેની જાણકારી અને પ્રશિક્ષણ અપાતું હોય છે ઉપરાંત તેમનું સંગઠન પણ એવું જ મજબૂત હોય છે. જ્યારે અર્ધસંગઠિત કે અસંગઠિત કાર્યક્ષેત્રની મહિલાનો તો પ્રશ્ન બહુ પેચીદો અને દુઃખદ બને છે.

ઉપર જણાવેલી જોગવાઈઓ સંગઠિત નોકરીઓ માટે ચાલુ થઈ છે પણ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતી મહિલાઓ માટે, આવી જોગવાઈ લાગુ પાડવાનું અઘરું અને મુશ્કેલ છે. દા.ત. ગામમાં વેપારીના ગોદામમાં અનાજ સાફ કરવા માટે રોકાયેલી મહિલાઓ જાતિય સતામણીનો ભોગ બને તો તેમને તો પોલીસમાં

ફરિયાદ કરવી તે એક જ વિકલ્પ રહે છે અને ત્યાં પણ અસહકારનો અનુભવ થાય છે. તેવું જ મકાન બાંધકામમાં કામ કરતી મહિલાઓ, રસ્તા અને પુલોના બાંધકામ કરતી મહિલાઓને ઠેકેદાર કે તેના માણસો તરફથી થતી જાતિય સતામણી અંગે આવી કોઈ વ્યવસ્થાના અભાવે તેમને પણ પોલિસનો જ આશ્રય લેવો પડે છે. ઉપરાંત સગાઓ, ઓળખીતા કે, અપરિચિત પુરુષ તરફથી થતા જાતિય સતામણીના કિસ્સાઓ વારંવાર નજરે પડે છે. હવે મહિલાઓ અને તેમના સગાંઓ જાહેરમાં સતામણીના કિસ્સાઓ લાવતા થયા છે. એટલે આપણને ખબર પડે છે કે મહિલાઓની જાતિય સતામણી કેટલા અંશે પ્રગટ થાય છે.

આથી સહુથી મહત્વનો મુદદો એ છે કે પોતાના પુરુષ સંતાનોને તેર થી પચીસની ઉંમરમાં સંયમ જાળવવા અને મહિલાઓને સન્માનની લાગણી થી જોવા અને મહિલાનું અપમાન ન થાય તે માટેની તાલીમ અને કાર્યશાળાઓ યોજાય તે બહુ અગત્યનું છે. શાળા સ્તરે, કે કોલેજ સ્તરે મહિલાઓ વિષે સન્માનની ભાવના વિકસે તે જરુરી છે. સાધુ સંતોએ પોતાના ધાર્મિક વ્યાખ્યાનોમાં પણ આ મુદદાને મહત્વ આપવું જોઈએ જેથી મોટા પ્રમાણમાં જનતાને કેળવવાનું સરળ બને.

આ માટે એક નાનો દાખલો યાદ અવે છે. એક વખત ઈંગ્લેન્ડમાં ફૂટબોલની મેચ ચાલતી હતી. આ મેચ ઈંતાલીસ મીનીટની હોય અને અધવચ્ચે બે મીનીટનો વિરામ પડે જેમાં કેટલાક માણસો પેશાબ કરવા કામચલાઉ બાંધેલા પેશાબ ઘરનો લાભ લે. તેવામાં એક બાપ અને તેનો નાનો નવ વર્ષનો દીકરો કતારમાં ઉભા રહયા. નાનો દીકરો ઉતાવળથી તે કતાર છોડીને આગળ વધ્યો. તેના બાપે તેનો હાથ પકડીને તેને રોક્યો. તે જોઈને કતારમાં ઉભેલા કોઈકે કહ્યું, 'જવા દો ને, નાનો છે.' તેના બાપે કહ્યું 'એટલે તો રોકવો જોઈએ. પછી તો તે કોઈનું પણ માનશે નહીં' આ કામ સમયસર થાય તોજ બાળકો શિસ્ત અને નિયમનું પાલન કરશે. બીજાનો વિચાર કરતાં શીખશે. પોતાની જરયરિયાતોને મહત્વ આપવા કરતાં બીજાનો વિચાર કરતા શીખશે તોજ મહિલાઓના જાતિય સતામણીના કિસ્સાઓ ઉપર નિયંત્રણ મૂકાશે.

આ માટે મહિલાઓને શક્તિશાળી બનાવવા, તેમના આત્માને જગાવવા અને, ખોટાને પડકાર આપવા માટે, તાલીમની જરુરિયાત છે. એવું કહેવાયું છે કે અપરાધી હંમેશાં અપરાધભાવ ના કારણે રાંક બને છે. અહીં તો મહિલા હોવાના કારણે પીડિતા રાંક બને છે. મહિલા શોખ, હવસ પોષવાનું સાધન છે તેમ માનતા આવા વિકૃત સમાજને બદલવો જરુરી છે અને તે માટે દીકરીના મનમાં આપણે એટલે કે આપણાં સમાજે નાંખેલો હીનતાનો ભાવ દૂર કરી માનસિક અને શારિરીક રીતે મજબૂત બનાવવાની અનિવાર્ય અને તાતી જરૂર છે. ટેકો આપી માનસિક રીતે મજબૂત કરવી જ પડશે.

પ્રસ્તુતકર્તા:
ડૉ. કુંજબાલા ત્રિવેદી. (સમાજ શાસ્ત્રી)
5.સાન્નિધ્ય. 9. ગુજરાત સોસાયટી. પાલડી. અમદાવાદ 380007
ફોન સંપર્ક: 07926652548 – મો: 9429436244